# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-10-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતી વકીલ** વાંચે છે.

---

## બિહાર-ચુંટણી:

બિહાર વિધાનસભાની ચૂંટણીનું મતદાન 6 અને 11 નવેમ્બરે બે તબક્કામાં યોજાશે. મતગણતરી 14 નવેમ્બરના રોજ થશે. ચૂંટણી પંચે 243 સભ્યોની બિહાર વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરી. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત સાથે જ બિહારમાં આદર્શ આચારસંહિતા લાગુ થઈ ગઈ છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે સાત રાજ્યોની આઠ વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણીની પણ જાહેરાત કરી. જે 11 નવેમ્બરે યોજાશે અને મતગણતરી 14 નવેમ્બરે થશે.

-----------------------------------------------------------------------------------------------

## વિકાસ સપ્તાહ-રાજ્ય-કચ્છ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ નેતૃત્વના 24 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર રાજ્યમાં આજથી 15 ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરાશે. તે અંતર્ગત કુલ 10 વિભાગોની પ્રત્યક્ષ સહભાગીદારી, કુલ 13 જેટલા વિષયનો સમાવેશ કરાયો છે. 15 ઑક્ટોબર સુધી દરેક દિવસની ‘વિષયવસ્તુ આધારિત ઉજવણી કરાશે. દરમિયાન લોકોને જાણકારી આપવાની સાથે વિકાસ કાર્યોથી લાભાન્વિત પણ કરાશે.

કચ્છ કલેક્ટર કચેરી ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત આજે ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે. આ પ્રતિજ્ઞામાં સાંસદ, ધારાસભ્યો, જિલ્લા કલેક્ટર ઉપરાંત જિલ્લાની વિવિધ કચેરીઓના વર્ગ - ૧ અને ૨ના અધિકારીઓ જોડાશે અને દેશ માટે સમર્પિત રહેવા સંકલ્પબદ્ધ થશે.

---

## વર્ગ 4 કર્મચારી બોનસ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગામી દિવાળીના તહેવારો વર્ગ-4ના કર્મચારીઓ ઉત્સાસહપૂર્વક ઊજવી શકે એ માટે રૂપિયા 7000 હજારની મર્યાદામાં એડહોક બોનસ આપવાનો નિર્ણય કર્યો છે. આ બોનસનો અંદાજે 16 હજાર 921 કર્મચારીઓને લાભ મળશે.

---

## વાલ્મિકી જયંતી :

સમસ્ત વાલ્મિક સમાજ દ્વારા આજે  મહર્ષિ વાલ્મિકી જયંતિ નિમિતે ભુજમાં  શોભા યાત્રાનું આયોજન કરાયુ છે.  આજે સાંજે  ચાર વાગ્યે વાલ્મિકી મંદિર લોટસ કોલોનીથી  રઘુનાથજી મંદિર ઉપલી પાળ સુધી આ શોભાયાત્રા નીકળશે.

---

## કચ્છ ઈ-રીક્ષા –સ્વચ્છતા મિશન:

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કચ્છ જિલ્લા પંચાયત દ્વારા ગઈકાલે 15માં નાણાપંચ યોજના હેઠળ 19 ઈ-રિક્ષા અને 7 ટ્રેક્ટર-ટ્રોલી જેવા વાહનોને લીલીઝંડી આપી વિવિધ ગ્રામ પંચાયતોને ફાળવવામાં આવ્યા હતા. આ વાહનોનો ઉપયોગ ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા જાળવણી માટે કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમે જણાવ્યું હતું કે, આ ઈ-રિક્ષા ઘરે-ઘરે જઈને સૂકો અને ભીનો કચરો એકત્ર કરશે, જેથી કચરાનો યોગ્ય રીતે નિકાલ થઈ શકે. આ વાહનોની ફાળવણીથી કચ્છ જિલ્લાની ગ્રામ પંચાયતોમાં સફાઈ અભિયાન વધુ અસરકારક બનશે.

---

## વિકાસ સપ્તાહ-રોજગાર સમારંભ:

વિકાસ સપ્તાહ 2025 અંતર્ગત જીલ્લા રોજગાર વિનિમય કચેરી તથા આઈ.ટી.આઈ દ્વારા યુવા રોજગાર અને  કૌશલ્ય સક્તિકરણ સમારંભનું આયોજન આવતીકાલે કરવામાં આવ્યુ છે. જેમાં રોજગાર કચેરીના માધ્યમથી નિમણુંક પામેલ ઉમેદવારોને રોજગાર એનાયત પત્રક વિતરણ કરાશે તથા ઔધોગિક તાલીમ સંસ્થાના  આધુનિકરણ માટે  વિવિધ ખાનગી કંપનીઓ સાથે એમ.ઓ.યુ અને સંસ્થા દ્વારા તાલીમાર્થીઓને દરખાસ્ત પત્રો અપાશે.

---

## હવામાન:

હવામાન વિભાગ દ્વારા 12 ઓક્ટોબર સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. અત્યારે શક્તિ વાવાઝોડું ધીમું પડયું છે. જોકે, માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. દરિયાકાંઠે 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

દરમ્યાન હવામાન વિભાગની આગાહી અનુસાર ગઈકાલે કચ્છ સહિત કેટલાક જિલ્લામાં વરસાદ થયો હતો. જિલ્લા મથક ભુજ સહિત રાપર, અંજાર અને નખત્રાણા વિસ્તારોમાં છૂટાછવાયા ઝાપટાં પડ્યા હતા. વરસાદના કારણે ખેતીપાકોને નુકસાન થવાની ભીતિ સતાવી રહી છે, જેના કારણે ખેડુતો ચિંતિત બન્યા છે.

---

## સ્વદેશી મેળો-ગાંધીધામ:

ગાંધીધામ ખાતે આજથી સ્વદેશી મેળાનો પ્રારંભ થશે જે 20 ઓકટોબર સુધી ચાલશે.ગાંધીધામ મહાનગરપાલિકા અને દિનદયાલ પોર્ટ અથોરીટી કંડલા દ્વારા સ્થાનિક ઉત્પાદકો, કલાકૃતિઓ સેવાઓ, ક્રાફ્ટ અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા, લોકલ ફોર વોકલ અને મેક ઇન ઇન્ડિયા તેમજ વિકસિત ભારતની સંકલ્પનાને સાકાર કરવા સાંજે 4થી રાત્રીના 10 વાગ્યા સુધી  સ્વદેશી મેળો યોજાશે. આ મેળામાં  સ્વદેશી ઉત્પાદકની વસ્તુઓ,

હસ્તકળા, આર્ટસ અને ક્રાફ્ટ માટે 50થી વધુ સ્ટોલ રાખવામાં આવ્યા છે તથા ફૂડ સ્ટોલ અને બાળકો માટે રમત ગમતની વ્યવસ્થા કરવામાં આવી છે.

---

## સંસ્કૃત અધ્યન કેન્દ્ર ભુજ:

સંસ્કૃત ભારતી દ્વારા સંચાલિત ગુજરાતનાં પ્રથમ સંસ્કૃત અધ્યયન કેન્દ્ર મહારાવ પ્રાગમલજી ત્રીજા તથા મહારાણી પ્રીતિદેવી સંસ્કૃત અધ્યયન કેન્દ્રનું વિજયાદશમી સંઘ શતાબ્દી વર્ષના દિવસથી નિર્માણ કાર્ય પ્રારંભ સાંસદ તથા ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના મહામંત્રી વિનોદ ચાવડાના હસ્તે કરાયું. રૂપિયા ત્રણ કરોડના ખર્ચે નિર્માણ પામેલ આ ભવન માટે  પ્રત્યેક સંસ્કૃત અનુરાગી દ્વારા નાનું મોટું યોગદાન મળી રહ્યું છે.

આ કેન્દ્રની વિશેષતા એ રહેવાની છે કે, આ કેન્દ્રમાં કોઈ પણ જાતિ, લિંગ, ધર્મ, મત, સંપ્રદાય, વય, ભેદભાવ વિના પ્રત્યેક સંસ્કૃત અનુરાગીને સંસ્કૃત અધ્યયન કરાવવામાં આવશે.

---